1. જલાવરણમાંથી મળતાં કુદરતી સંસાધનો જણાવો.

➢ જલાવરણમાંથી પીવા માટેનું પાણી, (ઘરવપરાશ અને સિંચાઈ માટે પણ તેનો જ ઉપયોગ થાય છે.), માછલીઓ, સમુદ્રીઘાસ જેવા ખાદ્ય પદાર્થો મળે છે.

2. વાતાવરણમાંથી મળતાં કુદરતી સંસાધનો જણાવો.

➢ વાતાવરણમાંથી મનુષ્યો (પ્રાણીઓ) ના શ્વાસોશ્વાસ માટે પ્રાણવાયુ અને વનસ્પતિની વૃદ્ધિ માટે જરૂરી એવા કાર્બન ડાયોક્સાઈડ મળે છે.

3. મૃદાવરણમાંથી મળતાં કુદરતી સંસાધનો જણાવો.

➢ મૃદાવરણ દ્વારા માટી, પથ્થર, રેતી, કપચી ઉપરાંત ખનીજતેલ, કોલસો, ગેસ અને અન્ય ખનીજો મળે છે.

4. પર્યાવરણના અસ્તિત્વ અને વિકાસ પર કયાં પરિબળો અસર કરે છે?

➢ પર્યાવરણના અસ્તિત્વ અને વિકાસ પર રાસાયણિક, જૈવિક અને ભૌતિક પરિબળો અસર કરે છે.

5. રાજ્યના વિકાસનો આધાર શેના પર હોય છે ?

➢ રાજયને પ્રાપ્ત થતા ભૂગોળ, નદીઓ, સરોવરો, ખનિજો અને સમુદ્ર કિનારા વગેરે પર હોય છે.

6. શેની મદદથી પર્યાવરણમાં ઈચ્છિત પરિણામ લાવી શકાય છે?

➢ ટેક્નોલોજી અને જ્ઞાનના ઉપયોગથી પર્યાવરણમાં ઈચ્છિત પરિવર્તન લાવી શકાય છે.

7. ઊર્જાના બિન પરંપરાગત સાધનો કયાં છે ?

➢ પવનચક્કી, જળશક્તિ, સૂર્ય ઊર્જા, સમુદ્રની ભરતી, ગેસ વગેરે ઊર્જા એ બિનપરંપરાગત ઊર્જાના સાધનો છે.

8. રસોડામાં ઊર્જાની બચત કેવી રીતે કરી શકાય ?

➢ રસોઈની ચીજો તૈયાર રાખવી, પ્રેશર કુકર કે સૂર્યકુકરનો ઉપયોગ કરવો અને રસોઈ બનાવતી વખતે વાસણો ઢાંકવાથી ઊર્જાની બચત થાય છે.

9. કુદરતી સંસાધનોના ટકારવે કઈ બાબત પેદા કરી છે?

➢ ભૂરાજ કારણ.

10. બીજા વિશ્વયુદ્ધ પછી વિશ્વમાં કઈ બે વિચારધારાઓનું વર્ચસ્વ વધતું ગયું?

➢ બીજા વિશ્વયુદ્ધ પછી વિશ્વમાં મૂડીવાદી અને સામ્યવાદની વિચારધારાઓનું વર્ચસ્વ વધતું ગયું.

11. નવી સાંસ્કૃતિક કટોકટી અસ્તિત્વ કેવી રીતે હળવી કરવામાં આવે છે?

➢ શિક્ષણની મદદથી બિનસાંપ્રદાયિક મૂલ્યોના પ્રચારપ્રસારથી નવી સાંસ્કૃતિક કટોકટીને હળવી બનાવાય છે.

12. ચીનનો વિપરાજકારણમાં વધતો પ્રભાવ કયા દેશો માટે પડકારરૂપ છે?

➢ ચીનનો વિશ્વરાજકારણમાં વધતો પ્રભાવ ભારત, તાઈવાન, જાપાન વગેરે જેવા દેશો માટે પડકારજનક છે.

13. સંસ્થાનવાદે કયા રાષ્ટ્રોને ગુલામ બનાવ્યા હતાં ?

➢ સંસ્થાનવાદે એશિયા અને આફ્રિકાના અનેક દેશોને ગુલામ બનાવ્યા હતાં.

14. "ગાંધી વિચાર અને પર્યાવરણ" નામના પુસ્તકમાં લેખક શું જણાવે છે?

➢ પર્યાવરણની આપત્તિઓએ ભૌગોલિક, સાંસ્કૃતિક, વૈચારિક કે રાજકીય સરહદોને અવગણી, જાણે સમગ્ર સૃષ્ટિને પોતાના ભરડામાં લીધી છે.

15. વાતાવરણમાં ઝેરી વાયુઓના વધતા પ્રમાણે કઈ સમસ્યા પેદા કરી ?

➢ વાતાવરણમાં ઝેરી વાયુઓએ ગ્લોબલ વોર્મિંગ અને ક્લાયમેન્ટ ચેન્જની સમસ્યા પેદા કરી છે.

16. પર્યાવરણના સૌથી મોટા પ્રદૂષકો કોન છે?

➢ ઉત્તર ગોળાર્ધના વિકસિત રાષ્ટ્રો જ પર્યાવરણના સૌથી મોટા પ્રદૂષકો છે.

17. વિશ્વમાં પર્યાવરણ અંગે સર્વસંમતિ કઈ બાબત માટે સંધાઈ છે?

➢ પર્યાવરણના દોહન (બગાડ) અટકાવવા અને પર્યાવરણના જતન અને જાળવણી કરીને વિકાસ કરવા અંગે સર્વસંમતિ સંપાઈ છે.

18. પર્યાવરણલક્ષી ચિંતન રજૂ કરનાર પર્યાવરણવિદ્ અને જીવશાસ્ત્રીઓના નામો લખો.

➢ પર્યાવરણલક્ષી ચિંતન રજૂ કરનાર પર્યાવરણવિદ્ અને જીવશારદીઓમાં રોચેલ કાર્સન, મુરે બુચીન, હર્બટ મારકુઝ, રેખરમાસ વગેરેનો સમાવેશ થાય છે.

19. આધુનિક પર્યાવરણનો પાયો કઈ પરિષદે આપ્યો?

➢ આધુનિક પર્યાવરણનો પાયો સ્ટોકહોમ પરિષદે નાંખ્યો છે.

20. UNEP નું મુખ્ય કાર્ય શું છે ?

➢ UNEP નું મુખ્ય કાર્ય વિશ્વનાં રાષ્ટ્રોને પર્યાવરણને સાનુકૂળ હોય. તેવી નીતિઓનું ઘડતર તથા તેના અમલમાં સહકાર આપવાનું મુખ્ય કાર્ય છે.

21. UNEP નું પૂર્ણરૂપ લખો.

- UNDP = United Nations Environment Programme.

22. કઈ સંધિ ક્યોટો પ્રોટોકોલ તરીકે પણ ઓળખાય છે?

- યુનાઈટેડ નેશન્સ ફ્રેમવર્ક કન્વેન્શન (UNFCO)ને ક્યોટો પ્રોટોકોલ તરીકે પણ ઓળખાય છે.

23. ક્યોટો પ્રોટોકોલ મુજબ ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનમાં કેટલા ટકા ઘટાડો કરવાનું લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે?

- ક્યોટો પ્રોટોકોલ મુજબ ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનમાં 5.2 % ઘટાડો કરવાનું લક્ષ છે.

24. પર્યાવરણના સંરક્ષણ માટે કઈ બે સંસ્થાઓ કાર્ય કરે છે?

- પર્યાવરણના સંરક્ષણ માટે 'વર્ડ વાઈડ ફંડ ફોર નેચર' અને 'ગ્રીનપીસ' નામની દ્દર્ઈ કાર્ય કરે છે.

25. ઈકોલોજીકલની સમતુલા જ્યારે જરૂરી છે?

- માનવજીવનને તંદુરસ્ત, સુખ શાંતિ અને સમૃદ્ધિવાળું બનાવવા માટે ઈકોલોજીકલ સમતુલા જરૂરી છે.

26. ભારતમાં વન અને પર્યાવરણના સંરક્ષણ અંગે કયા કાયદાઓ ઘડાયા છે ?

- ભારતમાં વન અને પર્યાવરણના સંરક્ષણ માટે વાઈલ્ડ લાઈફ (પ્રિવેન્શન) એક્ટ 1972, એન્વાયરમેન્ટલ (પ્રોટેક્શન) એક્ટ 1986 અને નેશનલ ફોરેસ્ટ પોલિસી 1988 કાયદો અમલમાં મૂક્યો છે.

27. ચીપકો આંદોલન એ કઈ બાબતોનું પ્રતિક છે?

- ચીપકો આંદોલન ભારત અને વિશ્વના લોકોને અહિંસક અને સત્યાગ્રહના માર્ગે પર્યાવરણના રક્ષણ કરવાનું પ્રતિક છે.

28. સાયલન્ટ વેલીનો વિરોધ કયા પ્રોજેક્ટ હેઠળ થયો હતો?

- હાઈડ્રોઈલેક્ટ્રીક પ્રોજેક્ટના વિરોધમાં સાયલન્ટ વેલીમાં વિરોધ કરવામાં આવ્યો છે.

29. નર્મદા બચાવો આંદોલનના મૂળમાં કયાં કારણો છે?

- 'વિસ્થાપિતોના પુનઃવસન, સ્થાનિક પર્યાવરણને નુક્સાન અને ડૂબમાં ગયેલી જમીન વગેરે કારણો નર્મદા બચાવો આંદોલનના મૂળમાં છે.'